છપાવી પ્રસિદ્ધ કરનાર

મુંબઈ ગુજરાતી નાટક મંડળી.

[illegible]

મુંબઈ

શ્રી [illegible] સ્ટાર પ્રીંટીંગ પ્રેસ મધ્યે,

મહમદઅલી [illegible] છાપ્યું છે.

સને ૧૮૯૪ સંવત ૧૯૫૦

કીંમત રૂ૦–૨–૦

ચંદ્રસિંહ..........

નંદનસિંહ ....કુંદનો

કુમારપાળ ....ચંદ્રસિંહનો મિ

કુંદનસિંહ ... .કુંદનપુરનો રાજા.

અજીતસિંહ...............એક રાજા ચંદાનો બાપ.

અમરસિંહ ... .અજીતસિંહનો પ્રધાન

વિજયસિંહ ....અજીતસિંહનો પુત્ર

કરણસિંહ.................ચંદ્રસિંહનો ભાઈ.

દાદુ ... .કરણસિંહનો મિત્ર.

યાકુબ }
કુતુબખાં } ....પાટણના લુંટારા નંદનના મદદ

સિપાઈઓ વિગેરે.

૬૧૮

સ્ત્રી વર્ગ.

ચંદા ....અજીતસિંહની પુત્રી. ચંદ્રસિંહની સ્ત્રી

બીબીજાન ....યાકુબની સ્ત્રી.

ચંચળબાઈ ....બીબીજાનની રક્ષક

લીલા ....પાટણના એક અમીરની પુત્રી.

વસંત ....ચંદાની સખી.

દાસીઓ, વારાંગનાઓ વિગેરે.

નાટકનો ટુંક સાર.

અંક ૧ લો.

રાજકન્યા ચંદાના પ્રેમમાં તલ્લીન થયેલો ચંદ્રનગરનો યુવરાજ ચંદ્રસિંહ પોતાના વિલાસ ભુવનમાં એ વિષે પોતાના મિત્ર સાથે વિચાર કરતો હતો તેટલામાં તેજ કન્યા સાથે પરણી પ્રીતની આશા રાખનાર કુંદનપુરનો પાટવી નંદન એકાએક ત્યાં ચડી આવ્યો. બન્ને મિત્ર સંરક્ષણ માટે હિંમતથી લડયા છતાં અંતે નાસવું પડયું. નાસતાં કુમાર પકડાઈ ગયો ચંદ્રસિંહ આગળ ચાલતાં એક સુંદર રાજકુમારીને વિકરાળ સિંહના પંજામાં સપડાયેલી જોઈ સિંહને મારી રાજકુમારીને બચાવતાં તે પોતાની સાચી ચંદા નીકળી પ્રેમપાત્ર મળ્યાં. ચંદાએ છૂટાં ન પડવા આગ્રહ કરી પોતાની સાથે લઈ ગઈ. ચંદ્રનો ભાઈ કરણ ભાઈની શોધમાં નીકળતાં આ કિનારે આવી પહોંચ્યો અને ચંદ્ર રાજકન્યાના ભુવનમાં ગયા જાણી પોતે એજ શહેરમાં રહ્યો.

નંદન ચંદા તરફની પ્રીતિમાં નિરાશ થયો. બીબીજાન નામની પોતાના એક નીચ સખી યાકુબની સ્ત્રીને રાજ કુટણીના પોશાકમાં ચંદાનું અંતઃકરણ લેવા મોકલી હતી તેણે નીરાશાના સર્વ ખબર આપ્યા. ક્રોધિત નંદને ચંદાના મહેલમાં પેસવા હિંમત કરી લીલા નામની તેના પ્રેમમાં ફસાયેલી શુદ્ધ બાલાનો તિરસ્કાર કર્યો અને યાકુબની સાથે ચંદાના મહેલમાં ગયો.

મધ્યરાત્રીએ થયેલી ગડબડથી ચંદ્ર સાવધ થયો. કંઇક ભયંકર ભેદ માલમ પડયો. ચંદાના હિંચકા પાસે નંદન પુગતાં તેને ઘાયલ કર્યો. વિહ્વળ થયેલા ચંદાના આશ્વાસનમાં પડયો. યાકુબ પોતાના સોબતીની મદદથી નંદનને ઉપાડી ગયો બીબીજાનની નીચ યુક્તિથી, ચંદા અને ચંદ્ર પ્રેમપાશમાં બંધાયેલાં છૂટાં પડતાં હતાં તેવખતે, તેનો ભાઈ વિજય ત્યાં આવી પહોંચ્યો. પરાયા પુરૂષને મહેલમાં જોઇ બન્નેનો તિરસ્કાર

કર્યો અને તેમને પકડી તેના પિતા અજીતસિંહ પાસે લઇ ગયો. અજીતે બંનેને કેદ કર્યાં. ચંદા અતિશય દુઃખી થતી આજીજી કરતી ભાઇની દયા માગવા લાગી. ભાઇએ ચંદ્રને છોડાવવા યુક્તિ બતાવી. બંધીખાનાની ચાવી લઇ ચંદ્રને છુટો કરી છેવટનુ આલીંગન લઇ બન્ને પ્રેમી જુદાં પડયાં.

અંક ૨ જો.

બંધીખાનેથી છુટેલ ચંદ્રને ફસાવવા બીબીજાન રસ્તામાં તંબુ નાખી પડી. નંદનથી તિરસ્કાર પામેલી લીલા આત્મઘાત કરવાના ઇરાદાથી અહિં પહોંચી. તેણે બબીજાનને ઓળખી કપટ જાણી લઇ ચંદ્ર તેનો તિરસ્કાર કર્યો તથા લીલાને નંદનને લાવી આપવાનું વચન આપી રસ્તે પડયો.

નંદનને બીબીજાને બીજી વખત નિરાશાના ખબર આપ્યા. યાકુબે હવે ચંદાને ઉપાડી લાવવાનું બીડું ઝડપ્યું. ચંદ્રના પ્રેમમાં ઝુરતી ચંદા ભાઇના આશ્વાસનથી શાન્ત થઈ ભાઇને ચંદ્રની શોધમાં મોકલી નિશ્ચિંત બેઠી હતી તે વખતે યાકુબ તેને બધીવાન કરી ચુપકીથી લઇ ગયો. ચંદ્રની શોધમાં નીકળેલ વિજયને ચંદ્રનો ભાઇ કરણ રસ્તામાં મલ્યો. બન્નેનો એકજ પ્રયાસ હોવાથી બને સાથે આગળ ચાલ્યા. યાકુબ અને ફતેહખાનને તેમણે રસ્તામાં જોયા. ચંદાને એક બોમાં છુપાવેલી હોવાથી તે નજરે પડી નહિ કરણ તથા વિજય એક ઝાડીને ઓથે છુપાઇ આ બે માણસની હીલચાલ જોતા ઉભા તેટલામાં ત્યાંથી બંધીખાનેથી છુટેલો કુમાર પસાર થયો તેને લુટવાના ઇરાદાથી યાકુબે તેની ઉપર હલ્લો કર્યો. કુમાર મૂર્છા ખાઇ પડયો. આ વખતે વિજય તથા કરણ તેની કુમકે આવ્યા. યાકુબ નાઠો. ફતેહખાં ઘાયલ થતાં બોલવાની શક્તિ ખોઇ બેઠો. કુમારને સાવધ કરવા વિજય કરણ પાણી શોધવા ગયા. પાછળ તેને પોતાની મેળે શુદ્ધિ આવી આ વખતે બોમાં પડેલી ચંદાએ સાવધ થઇ મદદ માટે બુમ

નાઠી. કુમારે તેને ધર્મની બ્હેન કહી પોતાની સાથે લઇ જંગલમાં નીકળી પડયો વિજય તથા કરણ કુમાર ન મળવાથી કુંદનપુરના લુંટારાને મરેલો માની કાંઇક માનની આશાએ તથા તે મળતાં ચંદ્રની સારીરીતે શોધ કરી શકવાના ઇરાદાએ કુંદનપુર તરફ ગયા કુમાર સાથે ગએલી ચંદા એક દિવસ એકલી ફરતાં ફરી ચાકુઅને હાથ પકડાઇ. તેણે તેને એક કંઠીયામાં કેદ કરી

નંદનની શોધમાં નીકળેલ ચંદે તેને એક વેશ્યાના ઘર માંથી પકડયો. લીલા આગલ લઇ આવ્યો. લીલાએતો એ નહિ આવે એવી નિરાશાએ ઝેર પીધુ હતુ. તે એના દેખતાંજ ત્યાં મરણ પામી. નંદન પાછો જતાં ચંદા કેદ થવાના ખબર તેને મળ્યા એક દાસીએ ગયો અહિ દુષ્ટ વાસનાથી ચંદા તરફ ધસતાં તેણે તેને ઘાયલ કર્યો. અને બીબીજાન જે પોતાના પાપ માટે પસ્તાતી હતી તેની મદદથી નંદનનો પોશાક પહેરી નાઠી

અંક ત્રીજો.

નંદન ઘાયલ થવાના ખબર તેનો પિતા ભર કચેરીમાં બેઠો હતો ત્યાં આવ્યા. આજ વખતે કરણ અને વિજય પણ ત્યાં આવી પહોંચ્યા કંઇક કરી બતાવવાના હેતુથી ઘાયલ કરનારને પકડવા માથે લીધુ. ચંદા એક દંડીયામાંથી છુટેલી એક જંગલમાં જ્યાં નિરાશ થઇ ચંદ્ર નંદનની હીલચાલ ઉપર દેખરેખ રાખવા ઝુપડી બાંધી પડયો હતો ત્યાં આવી પહોંચી અંધારી રાત્રે ચંદ્રે તેને ઓલખી નહિ ચંદા સુતી. પછલ પડેલા વિજય કરણ આવી પહોંચ્યા. નંદનના પોશાકમાં કોઇ માણસ સુતેલું જોઇ તેને ઉંઘમાંજ બંધીવાન કરી ચંદ્રે તેને બચાવવા ફરથાં પીસ્તોલ મારી. બાર વ્યર્થ ગયો પણ તેણે વિજયને ઓળખ્યો. હવે એને ભાસ થયો કે સુતેલી બાલા ચંદા હતી. કરણના સાથી દાલુ જે પાછલ રહી ગયો હતો તેને તેણે પકડાયો બન્ને તરફથી ખુલાસો થતાં વિજય તથા કરણની ભુલ તેને જણાઇ. તેણે દાલુને અજીતસિંહની સહાય લેવા મોકલ્યો.

ચંદા બીબીજાન સાથે ફરી કેદ થઇ તે કેદ પકડાતાં નંદનનું મન વિહ્વળ થયું તપાસ ચાલશે અને બધી વાત ફુટશે એવી ધાસ્તિ લાગી તેણે યાકુબને ચંદાને મારી નાખવાની સુચના કરી તે પ્રમાણે યાકુબે એક દડીયે જઇ ચંદાને નદીમાં નાખી. પણ તેજ વખતે ત્યાંથી ચંદ્ર પસાર થતો હતો તેણે પાછી ઓળખાવ્યું. યાકુબ નાઠો તેની પાછળ તેની સ્ત્રી બીબીજાન પડી. ખુન કરનારને પકડવા બીબીજાને શોર બકોર કર્યો. ગુસ્સામાં યાકુબે તેને પીસ્તોલ મારી. બીબીજાને સામી પીસ્તોલ તાકી. બન્નેના પ્રાણ એકજ વખત ગયા.

ફત્તેખાંએ પહેરગીરાને ખબર આપતાં ચંદ્ર જે ચંદાને બચાવી પોતાની ઝુપડી તરફ જતો હતો તેને તેઓએ પકડયો ફત્તેખા ઓળખાતાં તે પણ પકડાયો. બરકચેરીમાં સવની તપાસ ચાલી. નંદનના પિતાએ નંદનનો ખુલાસો પુછયો. ચંદા અને ચંદ્રને મોઢે સર્વ જાહેર થયું. ત્યાંની રાજા પોતાના પુત્ર ઉપર ગુસ્સે થયો. નંદને પોતાના બચાવ ખાતર ચંદાને લંપટ ઠેરવી. એ અપમાન સહન ન થતાં ત્યાંજ ઉભેલા તેના ભાઇ વિજયે તેને ઘાયલ કર્યો સર્વ ઠેકાણે ગડબડ થઇ રહી, ચંદા અને વિજયને નંદનનો પ્રાણ લેવા માટે ફાંસીની શીક્ષા થઇ કારણ બંધીવાન પકડાયો ચંદ્ર નાઠો, કુમાર જે કુંદનપુર પાસેજ ભટકતો હતો તેને મળ્યો. બન્ને મિત્રો ઘણે વખતે મળ્યા તેટલામાં વિજય અને ચંદાને ફાંસી માટે લઇ જતાં તેઓએ જોયાં. તેમને બચાવવાના હેતુથી મરણીયા થઇ તેઓ ફાંસીની જગ્યાએ ગયા.

અણીને વખતે તેઓએ બનેને બચાવ્યાં. કુંદનપુરના સીપાઇઓ તેમની ઉપર તુટી પડયા પણ તેટલામાં દાલુ સાથે અજીતની મદદ આવી પહોંચી સર્વ મળ્યાં. પુત્રના મરણથી વૈરાગ્ય પામેલ નંદનના બાપે અહિં આવી નંદનથી અન્યાય પામેલ ચંદાને પોતાની વારસ તરીકે જાહેર કરી. બંધીવાન થયેલ કરણને મુકત કર્યો. અને ચંદ્રનગરનું તાજ ચંદ્રને પાછું સોંપ્યું. આ આનંદમાં વધારો કરવા અજીતસિંહે પોતાને હાથે ચંદાનો હાથ ચંદ્રને આપી બનેને સુખી કર્યાં.

ચંદા

૧

વારાંગનાઓ—તાનોમ તાના તદીયનરે તદરદાના,
નાદરદરદાના. તુમદરદરદાનિ તારે દાનિદિમ,
તોમતાના, દીમતાના, તીમતાના, તારેદિમ,
તોમ તોમ તદેરના, તનનનનનનન—તા.
ઉદતન નિતતન, તાનોમ તાનાદેરે,
તાના તદરના, દેરના દેરના,
તાના દેરના, તદરદાનો દીયનારે તોમ,
ધા ધાકિટધા ધાગીકટ ધીધાકિટ.
તક ધીમાતીટ તકતાગદીગનધા,
તકધીટ ગદીગન ધા, તકધીટ ગદીગન ધાધા,
તકધીટ ગદીગન ધા—તાનોમ

૨

વારાંગનાઓ—અચલ અમલ અમર કર ગાજેલ તુ ઈશ તુ
ન્યાય સુ તારો દંડ અજનનાગો રામ અમો દેના તુ અનલ
કીર્તિ પતાકા ફરફરે અરી સકલ થરથરે
જરા તુજ વદે, જગત બાંધે, નર સૌ નમે
દુઃખ વામો સુખ પામો પામે ઈચ્છીત રાજન તુ. અચલ

૩

ચંદ્ર—ફળી આજ ભાગ્ય કેરી દેવી. ફળી પૂર્વ પુન્યની કમાઈ,
ટળી બાળ ભાવ કેરી શાન્તિ, મળો પ્રેમ જન્મની વધાઈ.
ઉભી તી ચંદા સ્વપ્નું સુહાતી, ઊભી રજની હું કને લજાતી,
થતા મિશ્ર એની દિવ્ય કાન્તિ. ગ્યી હૃદય આ ગઈ જકડાઈ.
ભરા રહી ત્યાં અમીની દૃષ્ટિ, આજે ભીંજાવે મને નવેલી.
નયન કૈરવમાં અમીની હેલી, રહ્યા હજી અર્ધ જ્યાં મીંચાઈ.
નજર એ મધુ ડંખ તો રે છે, જાદુ કંઈક એ મને કરે છે,
રસાલિ અન્ય વાતની હરે છે, હૃદય એકનું રહી લવાઈ.

૪

કુમાર—નહીરે પરવા પછી મિત્ર તણી,
રતિ માંડશે જે વેળાએ, પ્રેમાસવ પ્યાલો ભરવા—નહીં.
બની રહ્યાછો અરક્ષા તોપણ અડાઇ મારો શું કરવા?—નહીં
નાગ સિંહ ખંજન અને, હાથી કીર્તેદાર
ખુરજ રહ્યા જે અચલ જ્યાં, એ કીલ્લા મોઝાર
કેદ થનારાને પરવાનો છે ન પછો બીજે ફરવા—નહીં.

૫

ફરસુ—આવાર કરૂ સહાર મારી માર પાપીને નિરધાર,
એ જનર શીર પેંજનર દઇ પજાર કરી ઉન હું સેનાર,
હું પાર કરૂ અંધકાર મારૂ હાર શા જો એનો ભાર,
કર ખ્વાર રાગીખાર રણ મોઝાર ચલાવીને તલવાર,
જરી ન ડરી ગરવ હરી અરીના હાર હાર હાર.
કરૂ ખટપટ લંપટના વાગે બાર બાર બાર

૬

વારાંગનાઓ—એરી સોહે ચાંદની છાય, મનજનાં ઘર પરોના,
સંગન સજત હમે, ચાંદ તારેકા ગગના એરી
જીહું ફુલન ખીલા, ચમન ચમન રંગ લાએ,
નચેગી રતિયા ઝમકી જાય—ચાંદ.

૭

કુમાર—ધીરધર ચિંતા વિસારીરે. વિતી ગઇ પલ ભુલી બાત—ધીર
હું ખથી ન કોઇદા દગાધરે, ઉત્તમ ક્ષત્રીની જાત—ધીર

૮

કુમાર—તજું કેમ મિત્ર પ્યારા,
વીપત્તિ જોઇ સ્વાર્થ બની, કેમ કરૂં ન્યારા?—તજું
ધોકા કરી ચમન સાચ દુઃખે દૂર થનારા—તજું
સુખમય કરૂં રહી સંગ, દુઃખી દીન તારા—તજું

૯

ચંદ્ર—સબર સબર ન ઉતાવળું કર, ન કર મરણ ઉપર નજર.
કુમાર—વખત કીઠ જશે અગર, નહી સુંદર સુખ પગર

૯

ચંદ્ર—હણાઉં દુશ્મનોથી મર, લડાઇમાં ન તું ઉતર
કુમાર—દયા કરી ઉગર. પડુ પગે ન હાથ ધર
ચંદ્ર—સહે તુ આમ દુઃખ ભર, જઊં હું ન્હાસી પામી ડર
કુમાર—નહી પ્રતાપી ભૂપ વર. તુ વેર વાળવા વિચર
ચંદ્ર—ઝનુનમાં ન બન નીડર, ન મૃત્યુ મુખમાં વિચર
કુમાર—ન શબ્દ પણ ઉચ્ચર, થશે ન બીજુ છોડ ડર.

૧૦

ચંદા—ન આસ સાર બાપુ આંખ ના ભીંજાવ તારી
હાં પ્રાણ રાખજો, રડતી મીઠી વાણી ઉચ્ચારી
થયા તારા પડયા મારા, વિખૂટા પ્રાણ વ્હાલી
પક્ષી તન બન્યો કે, રે, તે થકી શું મીઠી માગી ?
હસી આપો હૃદયની મીઠી કોમળ ફુલમાળી.
ધામી સ્વર્ગથી અમૃતસર, કયાં પાનાર વારી?
દુઃખી સંસારમાં તું હું બન્ને, ગણે અપરાધ રહેની
અદેખા લોકથી, છાના રડીશું ચાલ સ્વર્ગ.

૧૧

ચંદ્ર—આ ક્ષાત્ર તેજ દિવ્ય કાન્તિ પ્રાક્રમે ભરી
મૂર્તિ હા! પણ પિયુષ પ્રેમ સુખકરી—આ
રીઝ સાથ જબ્બર કુસ્તી દાવને કરી
કોણ હશે? કયાંથી આવી? સ્વર્ગની પરી?
શ્રમે રામે વમ છૂટયા (એ હો વાહવા આ તો) વ્હાલી
બહાદરી—આ

૧૨

ચંદા—આવો આવો પિયુ આનંદ ભર,
કીધા પ્રભુએ પુરણ મ્હેર.
સુંદર અંતર મંદિરમાં વસી,
લ્હાવો લેવરાવો પ્રેમ તણો પિયુજી રસ ભેર.
ચંદ્ર—આવા સુંદરી જોખમે ઉતરી,
રહું અહીં કરી મોલતી ના કરી,

ચંદા—ચાહત્તા હદ ખરી, ઘણુ હવે કરી,
રાખો રાખો જરી જીવનજી વરીને,
કરીશું આપણે લીલા લ્હેર.

૧૩

લીલા—પ્રેમીના વિયોગે હાયે નાંખી મુજને ખેદમાં
આવો મળો બેટા મને અભાગાને દેશો છેહ મા
પ્રેમી જાતાં શી દશા છે આણુ નથી આ દેહમાં
રડતી મુકી નિરબળાની શું જોડી નેહની મોહમાં
કાળ કપણે શું તજે આશાઓ રાખી નેહમા
શુદ્ધ બુદ્ધ મારી શું તજે મીઠી નજરના નેહમાં

૧૪

નંદન—એ અંહાંનો ઉતારીશ સહુ આજ ગરવ હું
આવશે લેશ નહીં દયા, મુજ મન માંહીં હો કોઈ કાળે—એ
મારૂં કરી અપમાન જેણે કહી, મારીએ તારી ખિજારી શું ના નહીં
પામશે એ શું નાથ બીજો, કરીને મુજને નિરાશ
પૂરશે એ શું નિજ આશ, વરતાવું હવે પૂરો ત્રાસ—એ.

૧૫

લીલા—ભાગે હજી શુ મીઠા પ્રેમ બોલ?
કપટ ફસાણી, ગળાંથી દબાવી, કારી ઘા લગાવી.
કીધો મણીતોલ ભાગે.
ધુતારા ઠગારા હત્યારા તેં તારા—
બોળ્યો પાપી બાપ દાદાનો કોલ. ભાગે.
લાજુ તું કાજે મેં કુડું કલંક,
ચાહે છતાં તું મ. જીને નીશંક,
કપટીની આશે વાણી.ની મીઠાશે,
વિશ્વાસે ખોઇ જીંદગી આ અમોલ. ભાગે.

૧૬

સખીઓ—આવો આવોને મોહનલાલ મોરલી વાળારે.
આવો આવો સલુણા શામ છેલા છોગાળારે;
હું યુવતી જોબન ભરી તું રસ લોભી રાજ,
પાશું પ્યાલા પ્રેમના મીઠા મોહન આજ આવો.

ફુલી વસંત અલબેલડી ફુલી [illegible] વેલ,
ફુલી હું મહની ભરી ફુલ્યો મ [illegible] આવો.

૧૭

ચંદા—નાના ચંદા વચનથી નહીં ફરે.
એક ભવ થકી બે ભવ કરી નહીં કાળુંપદ શીરપર ધરશે નાના
આ ચંદા છે એક પિતાની એક વચનની જાણ.
પછી કેમ તજી દીએ માનેલા એ પ્રાણ [illegible], ચંદ્રતારા.
વ્હાલા માગ એ છે, જીવનદોરા તે છે,
કેમ કે ચંદા એના [illegible] મરશે—નાના.

૧૮

આશાજન—હસે [illegible] પ્યારી રાજકુમારી મીઠી નીંદમાં.
[illegible] અમી પાશે, આજ કુમારી મીઠી નીંદમાં
સુગંધી ફુલડાની વહી પ્રેમ પવન [illegible] આજ
એ [illegible] હૃદયને, [illegible] કેડીને લાજ—આજ
[illegible] સ્વપ્ન [illegible] તરવટ આજ
પાંચ અંદર મન ધામ, [illegible] રોકી જહાંજ—આજ.

૧૯

વિજય—ચંદા [illegible] નીચા હૃદય, એના ન હાથ ધરે
ચંદા—જો જાઓ એ ચંદ્રાસહ છે
વિજય—રહે ચુપ ન કંઈ વિચાર
કરે શું રાજકુમાર આ કામ, હાથ કરી બને શું એ બદનામ.
કુમારીનું ભાન છે, ન સમજે મન,
નથી માન લાયક રહ્યો એ હવે,
સજા દાન લાયક રહ્યો એ હવે
ચલાઓ સાપાઇ
ચંદા—સમજ તું કાંઇ
વિજય—ન બક વિચાર વગર, ચલાંઓ એ બેખબર—ચલ.

૨૦

અમરસિંહ—સાહસ ન કીજે ભૂપતિ રકું જરા નહીં,
કે જેથી આળ ચડાવીએ કુકું જરા નહીં,
ક્રોધથી અન્યાય થાય સત્ય ના સુઝે,
પસતાય ઉલટું થાય શાંતિ રહે જરા નહીં.
નક્કી સમજો ના [illegible] ચંદા [illegible] કરે.
આવે [illegible] એ [illegible] જરા નહીં.

૨૧

ચંદા--જાઓ જાઓ પતી મુજ ચંદ્ર છે બીજો કદી ન થાય,
ભલે જીંદગી આ જાય. પરવા નથી જરાય—જાઓ
વરાળી છાની લાંબ તમથી શું ના પડાય—જાઓ
અયોગ્ય બોલાતાંય. પિતા એ ના લજાય—જાઓ

૨૨

ચંદા -હું આશ પૂરી મારી થાશે. મારા નાથને જઇ જલ્દી
મારા નાથ છુટા કરું, હવે.
બહાર ચડીને સહાય કરીછે, મારી તેં પ્રભૂ
શી રીતે તારા ગુણનું વરણન આજ આચરું હવે.
સુખથી સ્વામિ પાછા મળે મને આશા એ ધરું ?
ભલે કદી જીવ જાય, પરંતુ અન્ય ના વરું. હવે.

૨૩

૧ હારેગા--એ હમારા માણસને દા ન દઇએ,
દા મરની સાવતાં સોનાના થાય,
અત્યય મેલી એકલાં ઈ તો જરૂર બીજાને જાય,
જરૂર બીજાને જાય તે જાશે,
પછી જગતનાં સાચી ખોટી વાતો થાશે,
કહે સાંધા તમારી ગુણ ઉપર અવગુણ એમ થાય. એ

૨૪

૨ હારેગા—જુની વાટ પગ ને નવો
વળી કોઇ કોઇ માણસ જાય,
ઉડ ને એ ઉડ ને ભયા કર પંખડી, મીટે ને મેળાંતા થાય,
મીટે મેળાવો ઘડી કાં અત્તરડી,
મારા સાજણ ગયા વા'ણ ચડી વિસારી,
વા'ણે ચડાને હાંકેલ ખભા. જુની.

૨૫

ડોલુ—આહા મન્નત બડલાઈ દેખીકી
હુઇ સફાઇ આસ પાઈ હમે બડાઇ દેખીકી—આહા.

આજ મેરી સાસ મેરી લેગી બલૈયાં
દેખીકી જેલકી પડી મયેં પૈયાં
અહેસાન દેગી યે જાન દેગી
કુરબાન દેગી કુરબાન દેગી —મન્નત

૨૬

દારોગો—અરે વાહ વાહ શું બનાવ.
હાલુ— * * * *
મત કર બાત મારૂં લાત હાહાહાહા. વાહ.
દારોગો—બોલી દે બોલી દે બોલી દે તું,
હાલુ—બોલો આપ અયેસા મયે બોલ દુ,
દારોગો—દરવાજો તો ઉઘાડી—
હાલુ—દેખ પકડુંગા મયેં દાઢી
દારોગો—રૈવાદ રેવાદે મને શાને તું સતાવે. અરે.

અંક બીજો.

૨૭

બોબીજાન—અયે ફલક તુજસે કીસીને ન સહારા પાયા
તેરે સાયેમે સદા ગમકા નઝારા પાયા
બહેરે ઊમીદમેં લાખોને યહાં સર મારા
પર ન ઝુલમાતકા મોજોંસે કીનારા પાયા
ફુન કીયે સખ્તીઓ અખ્યાર જંગલી લાખોંસે કીયે
દેખા આખાર તો સીકંદર ન વો દારા પાયા

૨૮

ચંદ્ર—પ્રિય મિત્ર કે પ્રિય પ્રાણ હું તે કોને સંભારૂં હું તે કોને વિસારૂં
દગાથી આ વળ્યો ઘાણ હું તે બીજું શું ધારૂં, બીજું શું વિચારૂં
મિત્રનાછે ઉપકાર પ્રિયાના સ્નેહ સારૂ જીવ દેહમાં ધારૂં
ક્યારે મળે આધાર નિરાધાર એ મારૂં દુઃખ ક્યાં જઈ પોકારૂં
રખડેલો હું નિરાશ હાય સુખ ક્ષતનું મારૂં બધાનું સુખ મારૂં
બોલાથી પામ્યું નાશ આ જીવતર નકારૂં—લાગે છે ન સારૂં.

૨૯

"ચંચલબી—કરૂં ક્યું ન કુરબાન અપની જાન,
સુરત પીયારી ભોલી ભોલી તુમ્હારી;
મએં દેખ કે હુઈ હું હયેરાન—કરૂં.
તુમ આઓ પીયારે તુમ આઓ પીયારે,
આજ હો જાઓ હમારે મહેમાન—કરૂં.

૩૦

બીબીજાન—જાને જાન જાને જાન કરમ ન કમ કરો
છતિયા લગાઓ પ્યારે, રતિયાં મનાઓ પ્યારે,
બતિયાં સુનાઓ, મોહી હમ દમ તુમ બીન
રતિયન ગીનગીન, નિશાન પલછીન
ધડક ધડક મોરી છતિયન ધડકે
અમન ચમન મન મોહના મારો—જાને
દિલદારી ગમખ્વારી મોહે જતાઓ બાલમ
આહા અહા તજું તન મન અપનો ધન
જનમ જનમ રહું બેગમો સાહમાં
હમેશ ચેહશ અજબ બલિહારી—જાને

૩૧

લીલા—તજી આ દુનીઆં તજી સંસાર
તજી સંસાર તજી સંસાર—તજી
સ્વામિએ મુજને હાય તજીછે
હું એ તજી પરિવાર—તજી
ચાલી હું બંધથી મુક્ત થવા તજી
માતા પિતાનો પ્યાર—તજી

૩૨

લીલા-દુઃખની ભરી કહું શું કથા આજે હું મારી, કહો પાસે તમારી
શુણીને વહેશે આપની પણ આંખથી વારી, મુજ વાત
દુઃખીઆ
ઝેરી ડસગોછે, નામ જોબનનો મને ભારી, છોડીછે ખુદ
માબાપ છોડી, પ્રાણી બની, કુળ લાજ વિસારી વાગ
લખમ કારી

કુંદન કુંદનના સમ થઇ મતિમંદ બનાવી ફુછંદ લગાવી
સ્વછંદ કરી, સુખકંદ જણાતી અનંગ લુંટી મુજને
રંગ તરંગ ઉમંગથી ઝીલી રમી અંધ બની
મા બાપ તણી આજ્ઞા ન ગણી, એ સત્ય ઘણી,
અંતરે ધારીને, યોગ્ય વિચારીને, પાપની બારીને.
રસ્તે હું સિધારી, કપટીને ઉતારી, છોટ ધીઃકારી
વિના મેહાતે મારી—મુજરાત.

૩૩

કરણુ—અરે જારે જારે દુરગત હરજાત હરગ્ગઃ
ચંચલબી—હીં જાનેં વાલી મયેં હું નીરાલી,
ધુત મુંહ બાત ન કર જાલ સાજી,
યેહ ચલનેકા બાજી નહીં જા તુ જાઃ   અરે

કરણુ—ના કહું છું કે જા,
ચંચલબી—હાઃ હા હાઃ હાઃ હાઃ
કરણુ- મને હનેછે તુ હરામખાર,
ચંચલબી —બતા બતા તેરા કયા હયે જાર
કરણુ —લે રાંડલે—
ચંચલબી —યા ખુદારે—
કરણુ —જાયછે કે?
ચંચલબી --જાતી હું છોડ,
કરણુ—દોડરે દોડ.
સાસું ના જો જરી, વળી પાછી ફરી!
ચંચલબી —છોડો કરો જરી મેહરબા.

૩૪

બીબીજાન—નહી યેહ હકીકત સુનાનેકે કાબીલ,
હું શરમીંદા મયેં સૈર ઝુકાનેકે કાબીલ.   નહી.
બીછા દામે ઊલ્ફત કાયે ફૂંન હજારોં,
ન ઠયેરા વસે મયેં રીઝાનેકે કાબીલ.   નહી.
ખુલા ભેદ પયેછાન લી ચંદ્રસિંહને,
મયેં જાહેર હુંઇ જાન જાનેકે કાબીલ.   નહી.
અજબ ધોકે યંહા ચંદ્રસિંહમે દેખા,
હયે કીસ્સે પુરાને મીટાનેકે કાબીલ.   નહી.

૩૫

ચંદ્રા—જીંદગી આ ના જાયેરે, પીયુ વિરહે
ઊડી ઉદાસ રહી તનમાં તોગે—જીંદગી
ફડફડતું કાળજડું મારૂં જોઈ ન કોઈ ગતું દુઃખી આરૂં,
દુઃખ ભર એકલડાં ન ખમાયે—જીંદગી.

૩૬

વિજય—આ શું બોલીરે બ્હેની આ શું બોલી,
સુણે જગ નહી ભોળીરે બ્હેની આ શું બોલી.
આત્મહત્યા દોષને બ્હોરે ન વહાલી બ્હેન,
સાત જનમ ડુબાવ ના, દુઃખ હરિયે મુકો ચેત—બ્હેની.
તુજ પતિને લાવું તુરત ચિન્તા સમ ક્ષ,
ધર ધીરજ તું ગાકડી સમજાઈ કહુંછું આજ—બ્હેની.

૩૭

વિજય—રાખ સાન ઓ નાદાન,
છે શરમ ધર ના ગુમાન. રાખ.
ક્ષાત્ર કુળને લજવનાર પાખંડી એ.
ઘમંડી એ છે કુછંદી એ છે
કે બાળા શરાબ રે' છે.
શરમ પરમ ધરમ તજતાં અરિથી ડરીને કાંપ ધરી. રા.

૩૮

કરણ—સમજ ભલા તું આમ કરે શું?
સમજુ થા, આ હઠ ધરે શું?
દોલુ—મજ્યે હું મરવા નહીં હું ડરવા.
દીખાઉ બચ્ચા તા ! મજ્યે સરવા.
કરણ—જાલવા શરીર રણ ધીર તું અમીર,
દોલુ—મસ નહીં આના,
કરણ—દોસ્ત કરે શું? સમજ.

૩૯

નાયકાઓ—મેરા મન હર લીના મેરા મનરે
મોરલીયાંને હર લીના મેરા મનરે—મોરલીયાં.
બાજત તાલ, મૃદંગ ઝાંઝ ડફ,
ઘુંઘરૂકી રમક ઝુમક ઝનનઝનનરે—મોરલીયાં.

૪૦

દારૂડીઆ—લાઓ લાઓ ઉલટામ વીસકી બરાંડી લાઓ,
જાનો માલ કે જાઓ વલેકીન શરાબ પીલવાઓ
જો પીએ બરાંડી મજા પાય અહાહા!
બેઅડક ફૂલકપર ચલા જાય ઓહોહો!
અગ પ્યાલે શાદી દિલપે છાય અહાહા!
સબ હાથ આય અહા અહા અહા
શમપીં તો હએ બસ રંગી
પોટવંયનસે હો સુખ ચએન જો શક હો પીઓ
આજમ ઓ. જાનો.

૪૧

નાયકા—કોય લાદે જાની રંગીલિ મીલાયદે
રંગીલિ મીલાયદે છબીલિ મીલાયદે—કોય

જએસા દુલદા મએં બનું અઓર વએસી દુલહન પાઉં.
અત ચંચલ નવજોબના લટધારી નાગન કાઉં:—રંગીલિ.

માલિકને મજકો દીયા ભર થેલી ઈનામ,
જી ચાહે શાદી કરો વા બીન શાદી આરામ—રંગીલિ

૪૨

નાયકા—કઓન ભરેગી મોરા? કઓન ભરેગી મોરા?
નિત ઉઠ પનીઆં; કઓન.

સાસુ બુરી મોરી નનદ હઠીલ
સૌકનકા દુઃખ કઓન સહેરી? મોરા. નિત.

૪૩

ફતેહખાં—વાહજી મીયાં સનકે સરદાર આલીશાન,
તુમહો સુલતાન હમ હએં જીશાન
ગાફુર—ખુબ મેરે પ્યારે લુટારે જવાંન. વાહજી
અહાહા પ્યારે ચમકે સીતારે,

ફતેહખાં—હૈ યે વઝીરીકી શાન.
યાકુબ—આજ તાજ સરપર મએ રખ્ખુંગા જાન;
ફતેહખાં—રાજ આજ કુમરકે મેં મએ હુંગા માન. આહા

૪૪

વિજય-
કરણ— } મેનાવતી માતા નીર ભરીરે થારા નેણુમેં.
ગોપીચંદ લડકા બાદલ બરસેરે કચન મહેલમેં;
બારા બરસકી ઉમ્મર ગંગી મએ કયા જાનું જોગ:
ચરચા કરે મુલકકે માંહી હસે શેહેરકે લોગ રે
માતુ રાજ કરણુંદે જોગી મત કરરે મા મેનાવતી—માતુ

૪૫

કુમાર—કયાં હું? ને કયાં તું? તે કયાં હશે કે?
કયારે સહુનો, બેરો થશે કે?—કયાં.
ચંદા પડી કયાં? ચંદ્ર છુપ્યો કયાં?
શી રીતે આવા દિન જશે કે?—કયાં.
વિજોગમાં સૌ દુખી થયાં છે.
મળશે કે? સાએ મરશે કે?—કયાં.

૪૬

લીલા—ધીરજ હું કઈ પેરે ધારું, જીવતર થયું આ અકારૂં—ધીરજ
પ્રિત કરી પસ્તાવો પામી લાગે મને ન કાંઇ સારૂં,—ધીરજ
આશા નિરાશામાં ગયા હું ખાકિ દિસે છે સર્વ અંધારૂં—ધીરજ
આવશે કે લાવશે નંદન ન સુજે મસ્તક ભમે છે મારૂં—ધીરજ

૪૭

યાકુબ—અનુ મએ રંગ રંગીલા, અહાહાહા ઓહોહોહો!
બનું મએ છેલ છબીલા, અહાહાહા! ઓહોહોહો!
એક રીયાસત જો મરુ પાઉં, સએંકડો રંગ દિખાઉં
પહેલે ઘોખટકો સંવારૂં, દુજીખટપટકો સંવારૂં,
એક સજનટકો સંવારૂં, વો છપરખટકો સંવારૂં બનું
મારૂં કોડા ઝનનન ઝનનન દઓડે ઘોડા સનનન સનનન
સબસા બોલે ચલહટ ચલહટ, કયા ચમકે દમકે ઝમકે
ઇજ્જત કરદું, દઓલત ભરદું, ચાર હાથકી લો. બનું

૪૮

નંદન—હાય ગઇ! હાય મઇ ના મળાયરે, મનમાહિં ચિત દુઃખદાયક
અનિષ્ટ શું થયું! ક્યાં ગયું! દુઃખ મુજ કાજ પ્રેમી લીલા તેં સહ્યું હાય
તને મુજ પ્રાણ કાં મેં તરછોડી હાય, હા! હા! દુઃખી ભુલ્યો
તેથી દિલ ગભરાય.
ના ના શાંતિ હાયે હણાઇ. જા જા પાપી ચિત ચીરાઇ
સ્થિતિ નિતિ પ્રિત એ.ઇ,હવે શું મારાથી હાય કદિ તને જોવાય! હાય

૪૯

આફ્રુમ—હાંજી મેરે પ્યારે સરદાર આઈ વોહ ચંદા દુલારી,
છાઇ ઘટા ન્યારી સાદીકી તઇયારી,
હો આજ ખુશકારી દીલદાર મન પ્યારી આઇ.
સીંગાર કીજે ઇન્તેઝામ દીજે, ચઢાકો સે આઓ
સમજાઓ, ફુસલાઓ, હજરતમેં લાવાઓ,
ઉસકા સીના પાઓ થી બસ પેહ જિમ્મેદ હમારી હાંજી

૫૦

દત્ત—પુરી આશ થઇ ગઈરે;
વાહ વાહ વાહ! અરે વાહ! અરે વાહ!
મળી પ્રાણ પ્રિયકર, સુખકર, દુઃખહર,
સુંદર, મનહર, નવલ યૌવન ભર; પુરી.
અમન ચમન કરું માણુ થયો ધન્યધન્ય.
આવે હરી મદ મદ દઉં ચુંબન આલિંગન,
ગડી રહું પ્રિયા સંગ નીરખી રતિ વદન;
ચિંતા આજ દૂર થઇરે વાહ વાહ વાહ. પુરી.

૫૧

ચંદા—અરે હાંરે પ્રભુજી અતી દેર થઇ,
ક્યાં હતી ને ક્યાં આવી પડી હું,
મુંઝાઈ રહી ના સુજે કંઇ અરે.
સાવ નિરાધાર આધાર વિણ હું,
ક્યાં જઉં કોને કહુ
એક ભરોસો તારો મને છે.
તારી આશે હું રહું પ્રભુ મારી સુધ બુધ છે ગઈ. અરે.

૫૨

ચંદા—જા જા અરે ભુંડી, આ બેઠો શું લુંટી તું જા, જા.
ઘાત કરી આવા પાપ ધરી હાવી, નિચ મરી જાની
પાછી ફરી જાની જા. જા.

જાન જાયે એ હેવાન કદીપણ પ્રન ન ચુકે,
લાગ કે તારા નંદનના એપર નાના કદી ન ચુકે
ધિક ધિક તારા માતપિતાને પેદા કરી તુજ સમ ચિતાને
અગારો થઈ તું કોમળ જાતિમાં જા થા દુર થા, જા.
લાગ જેવી જાણી અધણી નારી શું નિચ વ્યભિચારી જા
નાના દજી સુધી ક્ષત્રાણિની બુદ્ધિ નથી થઈ ઉણી.
માનીન મારૂં થશે નહીં સારૂં એ પાપિણી તારૂં,
નક્કી ભુંડું થશે આમા જીવ જશે.
કુતની કુટણી, ધુતારી, કુટની જન થા દુર થા જાજાજારે.

૫૩

મદન—પ્યારી મારી જીવથી અગાઉ દુઃખી કાં બને,
પ્યારી મારી તાબેદારી સ્વિકારે.
નાના પ્રિય મંન ના તરસાવ તંત નન આ વિનીજાય—પ્યારી.
શા માટે દુઃખી થાય, રાખું પ્રિય તુને નુર જાતી સમાન
વસી મન દેસ લગી, તારી પ્રાન ના દિવાના કાંધો મન
જાની પ્રાણુ એ સુજાણુ કે તું લક્ષણુ મળ ગાન—પ્યારી.

આંક ત્રીજો.

૫૪

દરબારીઓ—આનંદ દાખો ઉછાળી ગુણ ગાઇ ભૂપતીના
જગદીશ વિજય ધ્વની બસ
વિજય ડંકા વિશ્વે ગાજે ધનનનન આનંદ.
સ્થીર તું સ્થાપ, ભય તુ કાપ, છાપ વિજયી છાપ.
આશિષ આપો મળી વંદીઆ સ્તુથ આનંદી આ.
પુરો તું ન્યાયી એ નરેશ.
ધર્મરૂપ રૂપકુપ છે અનુપ વીર ભૂપ
કાપ પરીતાપ તાત—આનંદ.

૫૫

વારાંગનાઓ—જય જય ગાજે નરવરનો જળમાં સ્થળમાં
વીરનર શુભ કર સહુ નરનું જળમાં સ્થળમાં
ન્યાય દે સહાય લે રંક રાય ધારે નાહીં સદા નજર—
સમાન જગમાં
અરી ક્ષે હરી દે શાણું તું ચણું તુ
નીડર છો ભૂપ પ્રતાપી વિજયી જળમાં સ્થળમાં

૫૬

નિજ ધરમ ચૂકી,
ી, જતો દુષ્ટ પંથ અંધ અજ્ઞાની,
આપ કીચ દુઃખ સાંચ. શરમ.
કરી સંગ થયો માન ભંગ,
તનાંના રંગ બેઠો તું હોસે અભંગ,
સંગ મારો તોડી છોડી કુળ અભિમાન,
ભુલો તું નાદાન.
આદમીના મુકા ઓ કપુત! છીક મુકા મુકી શરમ.

૫૭

મદદગાર ન વાલી મગ્યે હું અચ્યે શયોદરે આલી.
ા ફકત ઉસકો સંભાલી આદજાં દેખા ન ભાલી;
હું ગદ અબ તુમસે સવાલી લો યેહ ગરદન હમ્યે ઝુકાલી,
કેરા ખંજર તહોઆતા હમ્યે ખુદા જાનને વાલા;
મારી મતવાની નિરાલી તેરી તકરાર હમ્યે ખાલી,
તું હમ્યે ઈબ્લીસકી પાલી તેરા શયેતાન હમ્યે વાલી;
તુને અંદાકો નીકાલી હાગે દુઃખ ડાલનેવાલી,
અરી ઈન્સાનકી આલા કહીં બન ઉસકા પતા લા;
ીબીજાન—કહાં જાઉં યેહ કહા હમ્યે, હો પતા મુઝકો જહાં હમ્યે,
નાહીં ચાંદાકા નિશા હમ્યે યેહ ફકત વહમેં ગુમા હમ્યે;
ન યહા હમ્યે ન વહાં હમ્યે વોહ તો નજરોસે નીહા હમ્યે,
હમ્યે જહા ઉસકા ઉજાલા જાને અલ્લાહ તઆલા.

૫૮

બીબીજાન—કર દમકી હરદમ નાદુમાની
મા ગફલતમેં બા દમરાની
તોરા ઘુરાની તોરી શયેતાની
દેખી પચ્ચીસાની સારી ... ફાની—કર.
ચમક દમક તોરી અંગ અદક
પલક ઝપક મટક જાએ
ખોલ તુ દીલકી આપ લજાએ
ચકુબ—ચુપચુપ બેસવા ખુતખુત વહાંસે બન
બીબીજાન—આસરા ન દારે શાનીમેં કહીં તુકે હો જાનીં
હો-હમ્યે -રા—ની
શુશુ: તુજપર મુજ બહતર—કર.

૫૯

ચંદ્ર—પાપી નંદન નીચ ઘાતકી આવ્યો
તલ તલ સરખા ટુકડા કરીને મારી
રાજ હરી મુજ તાજ હરી તેં આજ
હવે બચીશ તું કેમ બચ્ચાજી મારૂં ?
પેસી જઈશ પાતાલ મહીં પણ ખોળી ક

૬૦

માકુબ—દીલ મુરાદોંકા બશાર ખાક ન ઈકસીરસે
ના નો તદબીરમેં હુએ.
જો લીખા કાતિબે કુદરતને વો તકદીરમે
સચ્ચી તહરીરમેં હુએ.
હોં હરએક બાતમે સરકે જો તેરે લાખ હું.
એક ન કામ આવે મગર
તુ અફસ અાહ પહુંર ફિકકી જ જીરમેં હુએ.
ખોટી તદબીરમેં હુએ:
હાય ઉમ્મેદ તેરે વાસ્તે કયા કયા ન કીયા.
આસમાં સરપે લીયા,
પર હો દીલશાદ ન ઈસ ચર્ખકી તાસીરમેં હુએ,
ગમકી તસવીરમેં હુઓ.

૬૧

ચંદા—ફરી ફસી હું પાપી હાથે.
પાપથી ડરી, સુનિતિ ધરી, નિત વિચરી
અટકી તોયે વિપદ નહીં પડતી મુજ માથે—ફરી.
બીબીજાન—બોલો બાઈ રાજકુમારી,
ચંદા—કેદ થનારી, કોણ તું નારી.
બીબીજાન—તુજ ઉપકારી, બીબી બિચારી,
ચંદા—ધાર ઘર પ્યારી, લેજો ઉગારી,
મુજ કાજ દુઃખી થનારી, નઈ છેવટ કેદ તું એ મુજ સાથે. ફરી.

૬૨

ચંદ્ર—સુખ તણું થયું સ્વપ્ન આજ, ડુબ્યું ભર દરીએ જહાજ,
દુઃખ સાગર ફરી પાજ, ડુબી હાલ મારે
... અજબ ... ... દુઃખનો ... વિચાર.

કાળ કરવા સર્વ નાશ, શસ્ત્ર જો સમારે. સુખ.
વિજયની ન ભાળ મળી, ફરવા મિલન આશ ટળી,
સમજાવે હૃદય બળી, નહી મળે કુમારે. સુખ.
નથી જીવવા ઉલ્લાસ, થયો જગતથી ઉદાસ,
આવું તાત તુજ પાસ. લે હવે—— ——

૬૩

બ્રીજ્જન—ચોર કહું ભાગે, વિખરાકે જાર કપટ કસીયા,
પગેર ધરે નિત સનનન સનનન
સબર સબર કર પોલિસ પોલિસ. ચોર.
પાણી પ્યારી તૈયાર ખુદે, જબર સ આફત ભારી દુઃખ.
દાદ વિખરું મન રખડે ચરકી ઠંડર જો.

આકુમ——ચુપ ચુપ
બ્રીજ્જન—પોલિસ
આકુમ——ચુપ ચુપ. ચોર.

૬૪

ચંદ્ર—નિરઅપરાધીને પકડતાં, ડરતા નથી ગમાર,
ગમાર દૂર હટો અહીંથી પગનું પાનું મારેલા આ ગાતુ
નહીં શોભા ખુવાર ખુવાર. દૂર.
૨ સિપાઈ—બસ બસ ચલ હટ,
૧ સિપાઈ—નહી કર ખટપટ,
૩ સિપાઈ—છોડ તું ખટપટ,
૪ સિપાઈ—ઉઠાવ ઝટપટ,
ચંદ્ર—તું લે ઝટપટ.
૪ સિપાઈ—અરરર.
૩ સિપાઈ—મર મર,
૨ સિપાઈ—સર સર,
૧ સિપાઈ—ધર ધર,
૨ સિપાઈ—ઊંહું હું,
૩ સિપાઈ—તું મર જા.
ચંદ્ર—ચલ દૂર થા ફુટ ફુટ. નિરઅપરાધી.

૬૫

કુમાર—થાક્યો ભટકી દેશ વિદેશે મિત્ર ભાળ ન મળી લગરેશ. થાક્યો
મેં તો દિવસની નિદ્રા છોડી, ભુખ તરસ સુખ દુઃખ તજ છોડી
થયું આકુળ સહુ આશા તોડી, દાદ દયાળુ પણ નહીં દેશે થાક્યો.

૬૬

કુમાર—શું સ્વપ્ન આ કે ભમે ખાલી ભાસ?
એક બર વિશ્વાસ, પણ વિશ્વાસ ન પડે   દિસે.
પામ્યો પાછો મિત્ર પ્યારો,
ચંદ્ર—કુંવર પામ્યો પ્રાણ મારો,
ધન્ય ધન્ય સખા મુજ કાજ સહ્યાં અનેક, મુજ પ્યારનો
આભાર
કુમાર—ન ઉતાર એવું છેક, (નેત્ર પ્રેમમાં વિરહ,)
ચંદ્ર—નથી ભાંગી જોઈ તારી ટેક   દિસે

૬૭

વિજય—હાય નમિયાનો વાર, કામીએ બહુ હાય
અરેરે સ્વહિતની બાળ ન સુઝ, કોને કહું મારું હાય! કામી
પોતાના કર્મ અજાણું ન મારા, આવ્યો છે મારો આજ કાળ
મને ન થાતું દુઃખ મરવાનું બહુ પાડાણી શાક કામી

૬૮

વારાંગનાઓ—આનંદે આ. આનંદ જય વાધે વિજય તુજ, આનંદે.
આહાહા આ ઉજાસ થયો અધકાર ગયો નવ જાય કહ્યો
દુઃખ જાતા, સુખ થાતા, આનંદના મદ માતા
હરખતા. નાચ્યા નાચ્યા સાની ધપ મગરેસા
તાદીગ દીન્ના તીગડાટ તકધા
તા થેઈ થેઈ ધીડનગ તરકટ તક આનંદે

૬૯

સર્વે પાત્ર—વિજય છે ધર્મ સત્યનો આ આખરે
સાચ આ, પાપી પાપ ફળ આજ પામ્યો
અધર્મનો થયો ક્ષય આ   વિજય
નેકીની ટેકની થશે સદા ખીલી હવે
અક્રોદય આ જોઈને, શું વિપરીત સહીએ?
ગઈ વહી નહિ ટેક હજી સુખી રહો જય આ વિજય

સમાપ્ત